18923-19,001

સત્યમેવ જયતે

**નિયામક**

ક્રમાંકઃ જીસીઇઆરટી/તાલીમ/2025-26/
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન' સેક્ટર-૧૨, ગાંધીનગર
Email: gcerttraining@gmail.com
તારીખઃ 28 JUL 2025

પ્રતિ
**આચાર્યશ્રી,**
પ્રાથમિક શાળાઓ (સરકારી, ગ્રાન્ટેડ, કેજી.બી.વી.,આશ્રમશાળા)
તમામ (સબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારશ્રી, શાસનાધિકારીશ્રી મારફત )

**વિષયઃ ધોરણ 3 થી 8 ની શિક્ષક આવૃત્તિ આધારિત શિક્ષક તાલીમ યોજવા બાબત**

**સંદર્ભઃ ૧. જીસીઇઆરટી/તાલીમ/2025-26/6816-885 તારીખઃ 7/7/2025**
**૨. જીસીઇઆરટી/તાલીમ/2025-26/18287-354 તારીખઃ 19/7/2025**
**૩. જીસીઇઆરટી/તાલીમ/2025-26/18559-674 તારીખઃ 24/7/2025**

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે આપ સુવિદિત છો કે ગુજરાત રાજય, શિક્ષણ વિભાગ દ્વારા NEP-2020 તેમજ NCF-2025 આધારિત અભ્યાસક્રમ, પાઠયપુસ્તકો, અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા (વર્ગખંડમાં ભણાવવાની પદ્ધતિ) તેમજ મૂલ્યાંકનમાં ફેરફાર કરવામાં આવી રહયો છે.

આ વર્ષથી ધોરણ ૧ થી ૮ની અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં ઇનોવેટીવ પેડાગોજી અને ૨૧મી સદીના કૌશલ્યો વગેરે બાબતોનો સમાવેશ કરી શિક્ષક આવૃત્તિ તૈયાર કરવામાં આવી છે. NEP-2020માં સૂચવ્યા મુજબ સતત વ્યાવસાયિક વિકાસ (Continuous Professional Development - CPD) અંતર્ગત દરેક શિક્ષક માટે 50 કલાકની (Continuous Professional Development - CPD) વ્યવસાયિક સજ્જતા તાલીમ તબક્કાવાર યોજાનાર છે.

ઉકત સંદર્ભ પત્રો દ્વારા તબક્કાવાર શિક્ષક આવૃત્તિ આધારિત પ્રથમ સત્રની શિક્ષક તાલીમ યોજવામાં આવનાર છે. આ તાલીમમાં આપની શાળાના શિક્ષકોને તેમના વિષય આધારિત તાલીમમાં નીચેની સૂચનાઓને ધ્યાનમાં લઇ તબક્કાવાર થયેલ આયોજન મુજબ જોડવાના રહેશે.

જિલ્લાના શિક્ષકોને કયા વિષયની તાલીમમાં કઇ તારીખે કયા સ્થળે તાલીમ મેળવવાની રહેશે તેની વિગતો સબંધિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા પૂરી પાડવામાં આવશે.

**<u>ધોરણ 3 થી 8 ના પ્રાથમિક શિક્ષકો માટેની શિક્ષક તાલીમ સંબિધત સૂચનાઓ</u>**

- એક શિક્ષકવાળી શાળાઓના શિક્ષકે આ તાલીમ લેવાની રહેશે નહીં. પંરતુ શાળામાં જે ધોરણો ચાલતા હોય તે ધોરણો મુજબનું તાલીમ સાહિત્ય મેળવી તેનો વર્ગખંડમા સમયાંતરે પોતાના વિષયો માટે ઉપયોગ કરવાનો રહેશે.
- જે શિક્ષકો એક કરતાં વધુ વિષયો ભણાવતા હોય તે વિષયોની તેમણે અવશ્ય તાલીમ લેવાની રહેશે.
- દરેક શિક્ષક / શાળાને આપવામાં આવેલ ધોરણ 3 થી 8 શિક્ષક આવૃત્તિ શાળામાંજ ઉપલબ્ધ રહે અને વખતોવખત વર્ગખંડમાં તેનો સમૂચિત ઉપયોગ થાય તે માટે હાથવગી રાખવાની રહેશે.
- શાળા મુલાકાત અને મોનીટરીંગ દરમિયાન મોનીટરીંગ કરનાર ટીમ ( સી.આર.સી.સી., બી.આર.સી.સી., કેળવણી નિરિક્ષક, તાલુકા શિક્ષણાધિકારી, ડાયેટ લાયઝન અને ફેકલ્ટીઝ કે અન્ય આ શિક્ષક આવૃત્તિ જોવા માંગે ત્યારે શાળા / શિક્ષક દ્વારા રજૂ કરવાની રહેશે.
- સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓના શિક્ષકોએ દીક્ષા પ્લેટફોર્મ પર મુકવામાં આવેલ ધોરણ 3 થી 8 શિક્ષક આવૃત્તિ ડાઉનલોડ કરી તેનો વર્ગખંડમાં ઉપયોગ થાય તે માટે પ્રયત્ન કરવાના રહેશે.
- **ખાનગી શાળાઓના શિક્ષકો માટે** પણ દીક્ષા પ્લેટફોર્મ પર ધોરણ 3 થી 8 શિક્ષક આવૃત્તિ મુકવામાં આવેલ છે. જેને ડાઉનલોડ કરી તેનો વર્ગખંડમાં ઉપયોગ થાય તે માટે પ્રયત્ન કરવાના રહેશે.
- ધોરણ 3 થી 8 શિક્ષક આવૃત્તિ ડાઉનલોડ કરવા માટે બાજુમાં મુકેલ QR કોડનો ઉપયોગ કરવો.

M7T7L2

**(પી. કે. ત્રિવેદી)**
**નિયામક**
જીસીઈઆરટી
ગાંધીનગર

**નકલ સવિનય રવાના જાણ સારૂ:**

1. **માન. સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર** સમગ્ર શિક્ષા, વિધા સમીક્ષા કેન્દ્ર, સે-૧૯, ગાંધીનગર
2. **માન. નિયામકશ્રી,**પ્રાથમિક શિક્ષણ, વિધા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર

**નકલ રવાના સબંધિત આચાર્યશ્રીને જાણ કરવા સારૂ:**

1. **જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારશ્રી,** તમામ
2. **શાસનાધિકારશ્રી,** તમામ

**નકલ રવાનાઃ જરુરી આયોજન સારું**

1. **પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,** તમામ